ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાં શેરડીના કોલા મંડાયા

ગાંધીનગર, તા. ૨૫

ઉનાળાની સિઝન હવે ધીમે ધીમે અનુભવાઈ રહી છે. ઠંડીનો ચમકારો ઓછો થઈ ગયો છે ત્યારે શહેરીજનો દિવસ દરમ્યાન ગરમીનો અનુભવ કરી રહ્યા છે. તડબૂચ આવી ગયા છે સાથે શેરડીના કોલા પણ શહેરમાં દેખા દઈ રહ્યા છે. દરેક મુખ્ય સેક્ટરના સર્કલની બહાર શેરડીના રસનું વેચાણ શરૂ થઈ ગયુ છે. કોરોનાને કારણે ગયા વર્ષે તો શેરડીના રસની ઉપલબ્ધી થઈ નથી. પરંતુ આ વર્ષે કોલા ધમધોકાર શરૂ થઈ ગયા છે અને શેરડીના રસ વેચનાર વેપારીઓ દ્વારા કોરોનાની ગાઈડલાઈનનું પાલન



કરવામાં આવી રહ્યું છે. મુખ્યત્વે કાચના ગ્લાસમાં રસનું વેચાણ થતુ હોય છે પરંતુ આ વખતે તમામ કોલાવાળાને ત્યાં ડિસ્પોઝેબલ ગ્લાસ પણ ઉપલબ્ધ છે. કસ્ટમર જો ડિસ્પોઝેબલ ગ્લાસ માંગે તો તેમને રસ એ રીતે અપાય છે. આ ઉપરાંત પહેલા રસના મશીનમાંથી શેરડીનો રસ કાઢતા ત્યારે એજ તપેલી આખો દિવસ ચાલતી પરંતુ હવે દર વખતે તપેલી કે લાગતાવળગતા તમામ વાસણને ધોઈને જ બીજી વખત રસ કઢાય છે અને વેપારીઓ પોતાના હાથ હેન્ડવોશ પર વારા ઘડીયે કરતા રહે છે જેથી કસ્ટમર રસ પીતા ખચકાય નહિ. શેરડીના રસના એક ગ્લાસનો ફિક્સ ભાવ હાલ ૨૦ રૂ. શહેરમાં છે. દિવસના ૧૨ સુધી અને સાંજથી મોડી રાત સુધી શહેરીજનો સેરડીનો રસ પીવાની મજા માણી રહ્યા હોય છે.



ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે મુસાફરો ગમે તેમ વાહનો પાર્ક કરીને જતાં રહે છે. ટ્રાફિક પોલીસે નવતર પ્રયોગના ભાગ રૂપે અહીં પાર્ક કરેલ લોક કર્યા વગરના વાહનોને કબ્જે લીધા હતા. આ રીતે મુસાફરોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



સેક્ટર-૩ ન્યૂ ખાતે શિવશક્તિ મંદિરના ૧૯મા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી, પાટોત્સવમાં યજ્ઞ પૂજનમાં જીગ્નેશ ભાઈ બાબુભાઈ પ્રજાપતિ, જતીનભાઈ જગદીશભાઈ દવે, તુષારભાઈ જગદીશ ભાઈ દવે નો લાભ લીધો હતો, અંબાજી ધ્વજા રોહન શરદભાઈ પટેલ અને ભોલેનાથ ની ધ્વજારોહણ નિકુંજ ભાઈ દરજીનો લાભ લીધેલ, બર્થ ડે કેક રજની ભાઈ દરજી પરિવાર તરફથી માતાજી ને અર્પણ કરેલ સૌ વસાહતી ભાઈ બહેનો એ આ ધર્મકાર્ય નો લાભ લીધો હતો.

# સેકટર-૨૪ ખાતે ચોરીના કપડા વેચતો શખ્સ ઝડપાયો

## એપોલો સર્કલ પાસેથી કપડા ભરેલી લારી ચોરી હતી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર એપોલો સર્કલ પાસે ૩૫ હજારના કપડા ભરેલી લારીની ચોરી થઈ હતી. ત્યારે સેકટર-૨૪ ખાતે એક શખ્સ આ કપડા વેચવા માટે બેઠો હોવાની જાણ પોલીસને થતા તેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ અને નરેશકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૨૪ ખાતે લારીમાં કપડા વેચાણ થાય છે તે કપડા ચોરીના છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા એક શખ્સ મળી આવ્યો હતો. પોલીસે નામ પુછતા તેણે નરોડા ખાતે રહેતો અરવિંદકુમાર જગદીશપ્રસાદ શર્મા (ઉં.૩૫ હે.૨૦૩ એ સ્વામીનારાયણ પાર્ક સોસાયટી) હોવાનું ધ્યાને આવ્યું હતું. શખ્સની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે અને તેની સાથે રહેતા કૌશલ બ્રિજલાલ પ્રજાપતિએ તા.૧૭ ના રોજ વહેલી પરોઢીયે લારી કપડા ભરેલી ચોરી કરી હતી.લારીમાં ચડ્ડા, બરમુડ્ડા, કેપરી અને નાઈટી સહિત રૂ.૩૫ હજારના કપડા ભરેલા હતા. પોલીસે ૩૫ હજારના કપડા અને ૮ હજારની લારી મળી કુલ રૂ.૪૩ હજારની મત્તાની ચોરી અંગે ગુનો અડાલજ પોલીસ મથકે નોંધાયો છે. એલસીબી-૨ પોલીસે ૪૩ હજારના મુદ્દામાલ સાથે યુવકને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રૂપાલ ગામમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં : ૩.૫૮ લાખની મત્તાની ચોરી

## દંતાણી વાસમાં ચાર દિવસથી બંધ મકાનને નિશાચરોએ નિશાન બનાવ્યું, પરિવાર મુંબઈ ખાતે ઘરની સાફસફાઈ અને પેન્શન લેવા માટે ગયો હતો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ઘર બંધ કરીને ચાર દિવસથી પરિવાર મુંબઈ ગયો હતો. તે દરમિયાન નિશાચરોએ ઘરમાં પ્રવેશી લોખંડની પેટીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂપીયા લઈ ફરાર થઈ ગયા હતા. ઘરમાં તપાસ કરતા રૂ.૩.૫૮ લાખની મત્તાના સોના-ચાંદીના દાગીનાની ચોરી થવા પામી છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ રૂપાલ ગામના દંતાણી વાસ ખાતે રહેતા પ્રહલાદભાઈ પશાભાઈ દંતાણી (ઉં.૬૫) મુંબઈ કોર્પોરેશનમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ વર્ષ ૨૦૧૩માં નિવૃત થતા રૂપાલ ખાતે નિવૃત જીવન ગાળવા માટે આવી ગયા હતા.તા.૧૯ ફેબુઆરીના રોજ પ્રહલાદભાઈ પત્ની અને દિકરી સાથે મુંબઈ ખાતે ઘર હોવાથી તેની સાફ સફાઈ અને પેન્શન લેવા માટે ગયા હતા. ત્યારે તા.૨૩ ફેબુઆરીના રોજ પાડોશીએ તેમને ફોન કરીને ઘરની મેઈન લોખંડની જાળી નો નકુચો તુટેલ છે તેમ કહ્યું હતું. જયારે બીજા દિવસે મુંબઈ થી રૂપાલ આવેલા પરિવારે જોયું તો ઘરની લોખંડની જાળીનો નકુચો તુટેલો હતો. ઘરમાં જઈ ને ચેક કરતા ઘરમાં રહેલી લોખંડની પેટીઓમાંથી એક પેટીમાં રહેલા સોના ચાંદીના દાગીના ગાયબ હતા. જયારે પેટીમાં રહેલો સામાન વેરવિખેર હાલતમાં હતો. જયારે પેટીમાં રહેલા સોનાના દાગીનામાં સોનાનું ત્રણ તોલાનું હાથનુ લોકેટ, સોનાની એક તોલાની હાંસડી, સોનાની અઢી તોલાની ચેઈન, રૂ.૬૦ હજારની સોનાની બે તોલાની ચેઈન, ૪૫ હજારની સોનાની દોઢ તોલાની કાનની બુટ્ટી-શેરો, રૂ.૧૫ હજારની સોનાની અડધા તોલાની વીંટી, ૧૫ હજારની સોનાની અડધા તોલાની ૩ નંગ નથણી, ચાંદીની ૨૫૦ ગ્રામની પગની પાયલ કિં.૧૨,૫૦૦, તેમજ ૩૦૦ ગ્રામનો ચાંદીનો જુડો કિં.૧૫ હજાર અને રૂ.૫૦૦ ની ચાંદીની ૧૦ ગ્રામ વજનની બે વીટીનો સમાવેશ થાય છે. ચોરી અંગે ફરીયાદ નોંધાતા પેથાપુર પોલીસે ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર શખ્સોને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

## ગાંધીનગર સિવિલ દ્વારા નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિદ્યાપીઠ શારિરીક શિક્ષણ વિભાગ કન્યા છાત્રાલયની બહેનો માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ડિપ્રેશન અને સુસાઈડ પ્રિવેન્શન વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં સાયકીયાટ્રીક ડૉ. વિધીબેન મોદી અને સાયકોલોજીસ્ટ ડૉ. નુરીનબેન ચૌધરી દ્વારા માનસિક બિમારી અને તેના નિવારણના ઉપાયો સૂચવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત ભરતભાઈ પટેલ દ્વારા અને સ્વાગત-આભાર વિધી સૂર્યાબેન ભગોરા દ્વારા કરવામાં આવી હતી.

## જિલ્લાના ૯૬૭ મતદાન મથક પર ૨૧૦૦ થી વધુ જવાનો તૈનાત રહેશે

ગાંધીનગર, તા.૨૫

આગામી તા.૨૮ ફેબુઆરીના રોજ સ્થાનિક સ્વરાજયની ચુંટણીનું મતદાન યોજાનાર છે. ત્યારે અંતિમ તબક્કામાં ઉમેદવારો દ્વારા ચુંટણી પ્રચાર તેજ કરી દેવાયો છે. ચુંટણી જીતવા માટે ઉમેદવારો એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો, તાલુકા પંચાયતની કલોલની ૨૬, માણસાની ૨૬, અને દહેગામની ૨૮ બેઠકો, તે ઉપરાંત કલોલ નગરપાલિકાની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો અને દહેગામ નગરપાલિકાની ૭ વોર્ડના ૨૮ અને માણસા નગરપાલિકાની ૨ બેઠકો રવિવારના રોજ મતદાન યોજાશે. ત્યારે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં મતદાન મથક ખાતે કાયદો અને સલામતીની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લાના ૯૬૭ મતદાન મથક પર ૨૧૦૦ થી વધુ પોલીસ જવાનો અને હોમગાર્ડના કર્મચારીઓ ફરજ પર તૈનાત રહેશે.જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ મતદાનના દિવસે ૫ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૫૩ પીએસઆઈ, ૯૧૦ પોલીસ જવાનો સહિત ૧૩૬૮ હોમગાર્ડ વિવિધ સ્થળ પર ફરજ બજાવશે. જયારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે મતદાન સમયે સતત પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવશે. જિલ્લામાં કુલ ૫૨૪ જેટલી બિલ્ડીંગમાં ૯૬૭ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ૧૩૮ બુથ અને ૫૯ બિલડીંગ અતિ સંવેદનશીલ,૨૪૭ બુથ, ૧૧૫ બિલ્ડીંગ સંવેદશન શીલ તેમજ ૫૮૨ બુથ, ૩૫૦ બિલ્ડીંગ સામાન્ય ચે. ત્યારે સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન કેન્દ્રો પર સલામતીનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળકોને કૃમિનાશક દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સેકટર-૫-સી ખોડિયાર મંદિર ખાતે કૃમિનાશક દવા આપવામાં આવી રહી છે.

# સિવિલ કેમ્પસમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૫

સિવિલ કેમ્પસમાં જુની કેન્ટીન સામે પાર્કિંગમાંથી ડિસ્કવર બાઈકની ચોરી થવા પામી છે. બિમાર દિકરીની ખબર પુછવા આવેલા પિતાના બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના બુટાકીયા ડભોડા ખાતે રહેતા પરબતજી લક્ષ્મણજી સોલંકીની દિકરી બિમાર હોવાથી સારવાર હેઠળ છે. ત્યારે પરબતજી દિકરી એડમીટ હોવાથી સિવિલ ખાતે આવ્યા હતા. તેઓએ બાઈક જુની કેન્ટીન સામે પાર્ક કર્યુ હતું. બપોરે બાઈખ પાર્ક કર્યા બાદ તેઓ ચાર વાગ્યાના અરસામાં નીચે ઉતરીને જોયું તો બાઈક ન હતું.તોઓનું જી.જે.૧૮ એ.એન.-૮૦૩૯ નંબરનું ડિસ્કવર બાઈક કોઈ શખ્સ ચોરી કરી ગયો હતો. તેઓએ આસપાસ પોતાની રીતે શોધખોળ કરી હતી તેમ છતા બાઈક ન મળી આવતા તેઓએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

# જીલુભા ધાંધલે ઈન્ડિયન રેડક્રોસની ગાંધીનગર જિલ્લા શાખામાં ગેરવહીવટની તપાસની માગ કરી

ગાંધીનગર, તા.૨૫

રક્તદાન સહિતની સેવાઓ સાથે સંકળાયેલી ઈન્ડિયન રેડક્રોસની ગાંધીનગર જિલ્લા શાખાની તાજેતરમાં જિલ્લા કલેક્ટર કચેરીએ યોજાયેલી સાધારણ સભામાં જેમાં સંસ્થાના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા તેમજ આ સભામાં હોદેદારો વચ્ચે બોલાચાલી અને આક્ષેપો થતાં જિલ્લા કલેક્ટર હોદેદારોને ઠપકો આપીને અન્ય મિટિંગ હોવાથી નીકળી ગયા હતા. સભામાં રજૂ કરવામાં આવેલા વાર્ષિક હિસાબો કુલ ૪૮ પૈકી ૪૨ સભ્યોએ મંજૂર રાખ્યા હતા તેવો દાવો કરતાં જીલુભા ધાંધલે વિરોધીઓના આક્ષેપો સદંતર ખોટા અને પાયા વિહોણા હોવાનું અને જો ભ્રષ્ટાચાર સાબિત થાય તો જાહેર જીવન છોડી દેવાની તૈયારી સાથે કાયદાકીય પગલાં માટે તૈયાર હોવાનું જણાવતા જિલ્લા કલેકટરને પત્ર લખી તેમના વિરોધીઓના સંસ્થામાં વર્ષ ૨૦૦૧થી ૨૦૧૪ સુધીના શાસનની તપાસ કરવામાં આવે તેવી માંગ કરી છે. આ સાથે તેમણે વિરોધીઓએ સેક્ટર-૨૮માં જઈને કરેલી મિટિંગ તથા હોદેદારોની વરણી બાબતે પણ સવાલો ઊભા કર્યા છે અને તટસ્થ તપાસ કરીને ન્યાય આપવા માંગ કરી છે.



ખોડીયાર મંદિર, રાજપરા ભાવનગર ખાતે ધજારોહણ માટે દર વર્ષે પગપાળા સંઘ પેથાપુરથી જાય છે. આ વર્ષે ૫૦ ભાવિક ભકતો પગપાળા સંઘમાં જોડાયા છે. આ સંઘ સેકટર-૫-સી ખાતે આવી પહોંચતા સેકટર-૫ના ખોડિયાર મંદિર ખાતે સંઘનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરના સેકટર-૧૩માં પુષ્પક એપાર્ટમેન્ટ ખાતે ગટર ઉભરાવાની સમસ્યાએ માથું ઊંચક્યું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૧૩માં પુષ્પક એપાર્ટમેન્ટ ખાતે છેલ્લા કેટલાક સમયથી ગટર ઉભરવાની સમસ્યાએ માથું ઊંચક્યું છે. જેના કારણે રસ્તાઓ પર દૂષિત પાણી વહેતું હોવાથી સ્થાનિક રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. દૂષિત પાણીના કારણે આંતરિક માર્ગો પર કાદવ-કીચડ સાથે માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે અને માર્ગો પર આવન જાવન પણ મુશ્કેલ બન્યું છે. સ્થાનિક રહીશ સંદીપ યાદવના જણાવ્યા અનુસાર આ સમસ્યા અંગે સ્થાનિક તંત્ર અને નગરસેવકો સમક્ષ અનેકવાર ફરિયાદો કરવા છતાં કોઈ જોવા પણ નથી આવતું કે તેના ઉકેલ માટે કોઈ પગલાં ભરવામાં આવતા નથી. સ્થાનિક રહીશોની ફરિયાદ છે કે ચૂંટણીઓ સમયે મોટા મોટા



વાયદા કરવાવાળા નેતાઓ પણ અમારી સમસ્યા અંગે આંખ આડા કાન કરી રહ્યા છે જેના પગલે હવે આગામી ચૂંટણીઓમાં જયારે આ નેતાઓ મત માંગવા આવશે ત્યારે તેનો જવાબ પહેલા માંગવામાં આવશે તેવો વસાહતીઓએ નિર્ધાર કર્યો છે. રહેણાક વિસ્તારોમાં સતત વહેતા દૂષિત પાણીને કારણે મંદિરે કે બગીચામાં બેસવા અથવા ચાલવા માટે જતાં અહીના વયસ્ક વડીલોને પગપાળા આવન જાવન કરવી જોખમી બની છે જેમાં તેમના પડી જઈને ઈજાગ્રસ્ત થવાનું જવાનું જોખમ રહેલું છે.

## જન્મદિને વધામણી



રોનક આર પંડ્યા
સ્નેક લવર
મો. ૯૦૩૩૬ ૧૭૧૩૩



ધ્વનિ ભરતભાઈ બાબરીયા
મો. ૯૯૯૮૮ ૪૭૦૨૭



સતીષ પટેલ
રાધે રાધે ગૃપ



અંજલીબેન ભટ્ટ



થિયા ભૌમિક બિશ્વાસ
મો. ૭૮૭૮૨ ૭૭૮૭૨

## મનોરંજન મ્યુઝીકલ સ્ટુડિયો દ્વારા સંગીત પ્રેમી મહિલાઓ માટે ઓડિશન યોજાશે

મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા વુમન્સ ડે ઉજવણી નિમિત્તે ગાંધીનગર-અમદાવાદ શહેરના અનુભવી-બિનઅનુભવી ગીત ગાવાના શોખીન મહિલા કલાકારોને પોતાના અવાજના કરાઓકે-ટ્રેક દ્વારા ગીતોની રજૂઆત કરવા માટે આમંત્રણ આપવામાં આવે છે. તા. ૮ માર્ચના રોજ આ કાર્યક્રમ સાંજે ૬ વાગ્યે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડીયો, ૧૨૪ સનરાઈઝ આર્કેટ-કુડાસણ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં જાણીતા મહિલા સિંગર વર્ષા કુલકર્ણી ખાસ ઉપસ્થિત રહેશે.

સંસ્થા દ્વારા વધુમાં જણાવાયુંછે કે, આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રવેશ ફકત ૨૧ મહિલા કલાકારોને જ આપવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ ૧૨.૩૯ વાગ્યે ભાગ લેવા ઈચ્છુકે સ્ટુડિયો પર રૂબરૂ ફોર્મ ભરી ઓડીશન આપવાનું રહેશે. આ મહિનો પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે. કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરીને યોજાનાર આ કાર્યક્રમની વધુ માહિતી માટે ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. તેલી વરદીચંદ ઉદાજી — ઉ.વ. ૬૮, સે-૨૪, શ્રીનગર
- સ્વ. રાવલ કનુભાઈ શાંતિલાલ — ઉ.વ. ૫૫, મહુન્દ્રા
- સ્વ. પરિખ લીલાબેન બળદેવભાઈ — ઉ.વ. ૭૫, વાવોલ, કુબેરનગર
- સ્વ. સલાટ મણીબેન અંબાલાલ — ઉ.વ. ૫૩, ઉવારસદ
- સ્વ. પટેલ કનુભાઈ અંબારામ — ઉ.વ. ૬૫, રાંધેજા